# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: નેહલ ઠક્કર

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

તારીખ : ૧૫-૦૭-૨૦૨૪ સોમવાર સમય : સાંજે ૬:25 કલાકે

---

## ઋષિકેશ પટેલ-ચાંદીપુરમ વાઇરસ:

રાજ્યમાં ચાંદીપુરમ વાઇરસના વધતા કેસોને પગલે રાજ્ય સરકારે ત્વરિત કાર્યવાહી શરૂ કરી છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે એક નિવેદનમા જણાવ્યું કે ચાંદીપુર મ વાઇરસ એટલે કે એન્કેફેલાઇટીસ રોગના કેસો ઝડપથી વધી રહ્યા છે. વરસાદી ઋતુમાં રેત માંખ કરડવાથી થતો આ રોગ સામાન્ય રીતે 9થી 14 વર્ષના બાળકોમાં જોવા મળી રહ્યો છે.
રાજ્યના આરોગ્ય વિભાગે આગોતરા પગલાના ભાગ રૂપે અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન તપાસ શરૂ કરી છે.

- (RNU અમદાવાદ)

---

## કચ્છ-ચાંદીપુરમ વાઈરસ:

કચ્છ નું આરોગ્ય તંત્ર ચાંદીપુરા વાઈરસને લઈને સક્રિય બન્યું છે. જીલ્લામાં હાલ કોઈ ચિંતાજનક સ્થિતિ નથી તેમ છતાં તકેદારીના ભાગ રૂપે જીલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સતર્કતા દાખવાઈ રહી છે. અધિક જીલ્લા આરોગ્ય અધિકારી આર. ફૂલમાલીના જણાવ્યા મુજબ આગામી સપ્તાહે જીલ્લા આરોગ્ય તંત્ર અને જીલ્લામાં પ્રેક્ટીસ કરતા પીડીયાટીશીયનો સાથે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વાયરસને લગતી માહિતીનું આદાન પ્રદાન કરવામાં આવશે. ઉપરાંત, ચોમાસાની સીઝન દરમિયાન ફીવર સર્વેમાં જોડાયેલા ફિલ્ડ સ્ટાફને જરૂરી દિશાનિર્દેશો આપવામાં આવ્યા છે. તાવની સાથે બાળકોમાં ખેંચ, મગજનો તાવ વગેરે જેવા લક્ષણો દેખાય તો જરૂરી પગલા લેવા સુચના આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, હાલની સ્થિતિએ જીલ્લામાં ચાંદીપુરા વાયરસનો કોઈજ સંક્રમિત કેસ નોંધાયો નથી.

- (સ્થાનિક સમાચારપત્ર, નેહલ ઠક્કર)

---

## કચ્છ-ખરીફ પાક વાવેતર:

જિલ્લામાં ખરીફ પાકનું 92 હજાર હેકટરમા વાવેતર કરાયું છે. જેમાં મુખ્યત્વે મગફળી , તલ, દિવેલા, કપાસ, ગુવાર, અને શાકભાજીનો સમાવેશ થાય છે. હાલના આંકડા પ્રમાણે 10 જુલાઇ સુધી 92 હજાર હેકટરમાં ખરીફ પાકનું વાવેતર કરાયું છે . આગામી દિવસોમાં આ વાવેતર વધવાની શક્યતા દર્શાવતા જિલ્લા ખેતીવાડી અધિકારી કિરણસિંહ ગોહિલે આ મુજબ જણાવ્યુ હતું... (બાઇટ : કિરણસિંહ ગોહિલ)

- (પરેશ મારૂ)

---

## અવસાન:

કચ્છના જાણીતા સાહિત્ય સર્જક કવિ ધનજીભાઈ ભાનુશાળીનું આજે ભુજ ખાતે અવસાન થયું છે. તેઓ સાહિત્ય જગતમાં 'કડક બંગાળી'ના નામે જાણીતા હતા. તેઓ પંડિત શ્યામજીકૃષ્ણ વર્મા સ્મારક સમિતિ સાથે વર્ષોથી સક્રિય હતા અને શ્યામજીકૃષ્ણ વર્માના જીવનને આલેખતા અનેક પુસ્તકો તેમને લખ્યાં હતા.

- (ચંદ્રવદન પટ્ટણી)

---

## રીજીયોનલ સાયંસ સેન્ટર ભુજ:

લોકોમાં સ્કિલ બેઝ પ્રોગ્રામ વિશે જાગૃતિ આવે એ માટે એ હેતુથી વર્લ્ડ યુથ સ્કિલ ડે ની ઉજવણીના ભાગરૂપે રીજનલ સાયન્સ સેન્ટર ભુજ દ્વારા આવતીકાલે તારીખ 16 જુલાઈના સાંજે ચાર થી છ દરમિયાન કૌશલ્ય વિકાસ જાગૃતતા કાર્યક્રમ યોજાશે . જેમાં કૌશલ્ય વિકાસ માટે વિવિધ સંસ્થાઓ દ્વારા ચાલતા સ્કીલ ઓરિએન્ટેડ પ્રોગ્રામ તથા સ્કીલ બેઝ પ્રોગ્રામને પ્રમોટ કરતી સરકારી યોજનાઓ વિશે માહિતી આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં ધોરણ 8 થી ઉપર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને શહેરીજનો રજીસ્ટ્રેશન કરાવીને ભાગ લઈ શકશે . રજીસ્ટ્રેશન કરાવવા માટે પોતાનું નામ , ઉંમર અને "સ્કિલ બેઝ પ્રોગ્રામ" લખી whatsapp નંબર 73831 64720 પર આવતીકાલ બપોરે 12:00 વાગ્યા સુધીમાં મોકલવાનો રહેશે.

- (સ્થાનિક સમાચારપત્ર, નેહલ ઠક્કર)

---

## પશુ રસીકરણ:

ચોમાસાની ઋતુમાં પશુઓમાં જીવલેણ રોગ ન થાય તે માટે જિલ્લા પંચાયત હસ્તકના દવાખાનામાં રસીકરણનો કાર્યક્રમ ચાલી રહ્યો છે . આ બાબતે વધુ વિગત આપતા પશુપાલન અધિકારી ડો. હરેશ ઠક્કરે જણાવ્યું હતું કે, ઋતુ પ્રમાણે જરૂરિયાત હોય તે રસી પશુઓને આપવામાં આવી રહી છે . અત્યાર સુધી 8 લાખ 32 હજાર પશુઓને રસી અપાઈ ગઈ છે . રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત રસીલાયક પશુઓમાં ગાય , ભેંસ, ઘેટા, બકરા વગેરેને આવરી લેવાયા છે. પશુ દવાખાનામાં ચોમાસાની ઋતુ માં થતા રોગો માટેની રસી ઉપલબ્ધ છે. જે પશુપાલકોએ પશુઓને રસી નથી અપાવી તે ગામમાં આવેલ પશુ દવાખાના સંપર્ક કરી અવશ્ય રસીકરણ કરાવે તેવી અપીલ શ્રી ઠક્કરે કરી હતી.

- (સ્થાનિક સમાચારપત્ર, નેહલ ઠક્કર)

---

## કચ્છ-મલેરિયા નિર્મુલન અભિયાન:

ગુજરાત સરકાર દ્વારા મેલેરિયા મુક્ત ગુજરાત-૨૦૩૦ અભિયાન હેઠળ કચ્છ જિલ્લામાંથી વર્ષ 2030 સુધીમાં મેલેરિયા રોગનું નિર્મુલન કરવા માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા એક્શન મોડમાં કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેમાં તમામ ગામો અને શહેરી વિસ્તારમાં હાઉસ ટુ હાઉસ અભિયાન બે તબક્કામાં હાથ ધરવામાં આવ્યું છે.

અભિયાનના પ્રથમ તબક્કામાં કુલ 1227 ટીમ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.. આ ટીમો દ્વારા 49 હજાર 62 ઘરોની મુલાકાત લેવામાં આવી હતી. જયારે 20 મેથી 30 મે દરમિયાન યોજાયેલ બીજા તબક્કા માં કુલ 914 ટીમ દ્વારા 4 લાખ 97 હજાર 65 ઘરોની મુલાકાત લેવામાં આવી હતી તે પૈકી 17 લાખ 90 હજાર 761 જગ્યાએ સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનો જણાતા તેનો નાશ કરવામાં આવ્યો હતો.

- (પરેશ મારુ)

---